# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૨ સને ૨૦૨૪ સં.૨૦૮૦

અંક : ૭ પોષ-જાન્યુઆરી સળંગ અંક-૧૨૭



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**રાજેશ બી. શાહ**

જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર

ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની

લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,

પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.

(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


આ અંકમાં.....


★ પરિગ્રહ - ૪

★ જ્ઞાનવૈભવ (વિવિધગ્રંથોમાંથી સંકલિત) - ૨

★ વાચનનું તારણ, જ્ઞાનનું કારણ

★ પૂજ્યશ્રીનાં પગલે અને વચને...


## આર્ષવાણી

**हदयं सदयं यस्य,**

**भाषितं सत्यभूषितम् ।**

**कायः परहितोपायः,**

**कलिः कुर्वीत तस्य किम् ।।**

**જેનું દિલ દયાથી ભરેલું હોય, વાણી સત્યથી શોભતી હોય અને કાયા પરહિતની પ્રવૃત્તિમાં જોડાયેલી હોય, તેનું અહિત કળિયુગ પણ કરી શકતો નથી .**

જેમ માનવોમાં ચક્રવર્તી અને દેવોમાં ઈન્દ્રમહારાજા શ્રેષ્ઠ ગણાય છે, તેમ તમામ ગુણોમાં સંતોષ-ગુણ પ્રવર-મુખ્ય ગણાય છે.



## ★ પરિગ્રહ - ૪ ★★★

- શ્રીધર્મમિત્ર

પરિગ્રહાદિની સ્પૃહાવાળા જીવો યાચકની જેમ હલકા ગણાય છે. છતાં આશ્ચર્ય એ છે કે સંસારરૂપ સમુદ્રમાં તેઓ ડૂબી જાય છે. સામાન્ય નિયમ એવો છે કે - ભારે વસ્તુ ડૂબે, હલકી વસ્તુ તરે... પરંતુ અહીં કાંઈક વિચિત્રતા જોવા મળે છે. સ્પૃહાવાળા જીવો ખરી રીતે વિચારો તો યાચક (ભિખારી) જ ગણાય. તેના યોગે જ સ્પૃહાવાળી વ્યક્તિને હલકી ચીતરી છે.

પૌદ્‌ગલિક પદાર્થોની સ્પૃહાવાળા જીવોને યાચકની શ્રેણિમાં મૂક્યા છે, આત્મગુણોની સ્પૃહાવાળાને નહીં : કારણ, ગુણો તો પોતાના માલિકીના છે. પોતાના આત્મામાં જ છે. પુદ્‌ગલ તો આત્માથી ભિન્ન છે. પુદ્‌ગલ પોતે સ્વતંત્ર દ્રવ્યરૂપ છે. ગુણ એ સ્વતંત્ર દ્રવ્યરૂપ નથી. એ આત્મારૂપી આધારમાં ગુણો આધેય છે. ગુણ - ગુણી (આત્મા) નો સંબંધ અભેદરૂપ છે. આત્મા અને પુદ્‌ગલનો સંબંધ ભેદરૂપ છે. સંસારી જીવને ભલે પુદ્‌ગલ વગર નથી ચાલતુ પરંતુ સિદ્ધના આત્માઓને ક્યારેય પુદ્‌ગલની આવશ્યકતા ઊભી થતી જ નથી, તે પણ કાયમ માટે.

ત્યારે તો જ્ઞાની ભગવંતોને કહેવું પડ્યું કે - ‘પરસ્પૃહત્વં મહાદુઃખમ્, નિઃસ્પૃહત્વં મહાસુખમ્ ।’ પરની સ્પૃહા અર્થાત્ આત્મા સિવાયના પદાર્થોની સ્પૃહા - ઈચ્છા જ મહાદુઃખરૂપ છે, જ્યારે નિઃસ્પૃહપણું એટલે કે, સ્પૃહારહિત અવસ્થા જ મહાસુખરૂપ છે. મતલબ એ થયો કે, નિઃસ્પૃહીને જે સુખ છે તેની તોલે કોઈ આવી શકે તેમ નથી. પરિગ્રહ અને લોભ સ્પૃહાને ઉશ્કેરે છે, બહેકાવે છે. તે સ્પૃહાવાળો પદાર્થ ન મળતાં જીવ દુર્ધ્યાન કરે છે. તેમાં નિમિત્ત બનનાર જીવો પર દ્વેષ ધારણ કરે છે. જે પદાર્થ વગેરે મેળવવાની લાલસા હતી, તે પૂરી થતાં રાગ - રતિના પાપમાં વધારો થાય છે. સરવાળે નવી નવી ઈચ્છાઓ માથું ઊંચકે છે. મોહની પુષ્ટિ થાય છે. પુષ્ટ થયેલો મોહ મિથ્યાત્વ સુધી પણ ઘસડી જાય છે.

આગળ વધતાં પૂ. ઉપાધ્યાયજી મ. પરિગ્રહાષ્ટકની ત્રીજી ગાથામાં જણાવે છે કે -

**यस्त्यक्त्वा तृणवद् बाह्य - मान्तरं च परिग्रहम् ।**

**उदास्ते तत्पदाम्भोजं, पर्युपास्ते जगत्त्रयी ।।३।।**

**ભાવાર્થ :** જે મુનિવર બાહ્ય- અભ્યંતર પરિગ્રહનો તણખલાની જેમ ત્યાગ કરી, (જરૂરી પદાર્થોમાં) ઉદાસીન ભાવે - સમભાવે રહે છે તેનાં ચરણ - કમળની ત્રણે જગતના જીવો પર્યુપાસના - સેવા કરે છે. ૩.

અહીં પરિગ્રહના બે પ્રકાર બતાવ્યા છે. ૧. બાહ્ય પરિગ્રહ અને ૨. અભ્યંતરપરિગ્રહ.

આમાં બાહ્યપરિગ્રહના વળી નવ પ્રકાર ગણાવ્યા છે. ૧.ધન ૨.ધાન્ય ૩.ખેતર ૪.વાસ્તુ(મકાન) ૫.રૂપ્ય ૬.સોનું ૭.કુપ્ય = ઘરવખરી ૮. દ્વિપદ (દાસ - દાસી) અને ૯.ચતુષ્પદ (ચાર પગવાળાં પ્રાણી - જાનવર)

અભ્યંતર પરિગ્રહના શાસ્ત્રકાર ભગવંતોએ ચૌદ પ્રકાર દર્શાવ્યા છે. ૧.હાસ્ય ૨.રતિ ૩.અરતિ ૪.ભય ૫.શોક ૬.જુગુપ્સા ૭.પુરુષવેદ ૮.સ્ત્રીવેદ ૯.નપુંસકવેદ ૧૦.ક્રોધ ૧૧.માન ૧૨.માયા ૧૩.લોભ અને ૧૪.મિથ્યાત્વ.

બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરીને બેઠેલા મુનિવરોનેય કયારેક અભ્યંતર પરિગ્રહ હેરાન કરી જાય છે. બાહ્ય પરિગ્રહનો ત્યાગ કર્યા વગર અંદરનો પરિગ્રહ છોડવાનું કાર્ય દુષ્કર છે. અંતિમભવમાં શ્રીતીર્થંકર ભગવંતો તથા ભરત ચક્રવર્તી જેવા મનોવિરાગી જીવો આમાં અપવાદરૂપ છે. બાકી તો ક્રમ એ જ ગણી શકાય કે પહેલાં બાહ્ય પરિગ્રહ છૂટે પછી અભ્યંતર પરિગ્રહથી મુક્તિ મળે. રાજમાર્ગ તો આ જ ગણાય.

બાહ્ય પરિગ્રહ છોડવોય જો જીવોને કઠિન લાગતો હોય તો અંતરનો પરિગ્રહ ક્યાંથી છૂટે ? નથી મળ્યું તેનેય લાલસારૂપ પરિગ્રહ તો હોય છે. તેના કારણે બહારથી કંગાલ - ગરીબ દેખાતો માનવ પણ મમત્વના યોગે દુર્ગતિમાં પરિભ્રમણ કરતો જોવા - સાંભળવા મળે છે. મમત્વભાવ જીવને ભાવમૃત્યુ તરફ લઈ જાય છે. દ્રવ્યમૃત્યુ જીવનમાં એક જ વાર થાય છે, જ્યારે ભાવમૃત્યુ તો ક્ષણે - ક્ષણે પણ થઈ શકે છે. દ્રવ્યમૃત્યુ સંસારીજીવોને ભલે રડાવતું હોય પરંતુ જ્ઞાનીઓને મન તો ભાવમૃત્યુ વધારે પીડાદાયક લાગે છે ! દ્રવ્યમૃત્યુની પીડા થોડા સમયમાં ભુલાઈ જાય છે. ભાવમૃત્યુની પીડા તો સંખ્ય - અસંખ્ય કાળ પણ દુઃખ અને પીડાનું દાન કરી શકે છે.

સોહામણું લાગતું ભાવમૃત્યુ બેશક, વધુ બિહામણું છે. ટૂંકી દૃષ્ટિવાળાને એ દેખાતું નથી. જ્ઞાનરૂપી દીર્ઘદૃષ્ટિવાળાજીવો જ આ વાતને બરાબર જાણી શકે છે. જે જાણે તે જ સાવધાની રાખે છે. જે આ વાતને જાણતો - સમજતો જ નથી તે બિચારો શું સાવધાની રાખે ? નાના બાળકને અગ્નિના નુકશાનની કલ્પના (જ્ઞાન) ન હોવાથી તે તો આગમાંય હાથ નાંખવા તૈયાર થઈ જાય છે, તે જ રીતે ભાવમૃત્યુનાં કારણોનો પરિચય જ ન હોય તે બાળચેષ્ટારૂપ કાર્ય કરે તેમાં કાંઈ નવાઈ નથી. ભાવમૃત્યુના અનેક કારણોમાં આ બાહ્ય - અભ્યંતર પરિગ્રહ પણ એક કારણ છે. આ વાતને ક્ષણે - ક્ષણે, વારંવાર વાગોળવા જેવી છે, જેથી જરૂરી ગણાતા પદાર્થો



પ્રત્યે પણ મમત્વભાવ ન જાગે.

સમજણના ઘરમાં આવ્યા પછી ચક્રવર્તીને છ ખંડ વગેરે વિશાળ પરિગ્રહ છોડવાનું કાર્ય આસાન છે પરંતુ સમજણ (જ્ઞાન અને વિવેક) ન આવી હોય તેવા ભિખારીને ઠીંકરું છોડવુંય દુષ્કર છે. ઉપમિતિભવ પ્રપંચા ગ્રંથમાં શ્રીસિદ્ધર્ષિ ગણી મહારાજે આ વાતને સારી રીતે સ્પષ્ટ કરી છે. અજ્ઞાની જીવની આવી જ દુર્દશા જોવા મળે છે. જ્ઞાન આવ્યા વગર વિવેકનું આગમન શક્ય નથી. પદાર્થ એકનો એક હોવા છતાં અજ્ઞાની અને જ્ઞાનીની દૃષ્ટિ ભિન્ન હોવાના કારણે મૂલવણી જુદી જુદી થાય છે. સાપ ભયંકર છે, એ વાત જ્ઞાની - અજ્ઞાની : બંનેને માન્ય છે પરંતુ સાપ કરતાં પાપ વધારે ભયંકર છે, એ માન્યતા અજ્ઞાની જીવમાં નથી હોતી ! ભોગ ભયંકર છે, ત્યાગ ભદ્રંકર છે - આ માન્યતા જ્ઞાની ભગવંતોની છે પરંતુ અજ્ઞાનીના મગજમાં કે ગળામાં આ વાત નહીં ઊતરે.

પરિગ્રહ અને સત્તા જેની પાસે છે તે ચક્રવર્તી કે ઈન્દ્ર પણ અપરિગ્રહી એવા નાના મુનિવરનેય કેમ નમે છે ? ઈન્દ્રની ઉપાસના પોત-પોતાના સેવક ગણાતાં દેવ- દેવી ભલે કરતા હોય, ચક્રવર્તી રાજાની સેવા પ્રજાજનો ભલે કરતા હોય પણ ઈન્દ્ર અને ચક્રવર્તી (રાજા - મહારાજા): બંને પાંચ મહાવ્રતધારી શ્રમણ - શ્રમણીને નમે છે, તેમની પર્યુપાસના કરે છે. સંસારમાં - જગતમાં નજર નાંખો તો જોવા મળશે કે સત્તાનશીન કે પરિગ્રહમાં ઘણા આગળ ગણાતા જીવોનાં ચરણ ખેંચનારા (ટાંટિયાં પકડીને પાડનારા) જીવોનો તોટો નથી. જ્યારે સત્તા કે પરિગ્રહ વગરનાં સાધુ-સાધ્વીજી ભગવંતોનાં ચરણની દરેક જીવો પર્યુપાસના કરે છે. આ મુનિભગવંતો તણખલાની જેમ બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરી અંતરના ૧૪ પ્રકારના પરિગ્રહના ત્યાગની સાધનામાં લાગેલા હોય છે. આ બાહ્ય- અભ્યંતર પરિગ્રહને ગાંઠ (ગ્રંથિ) કહેવાય છે. તેનાથી રહિતને નિર્ગ્રંથ કહેવાય છે. ગાંઠ (ગઠડી) હોય તેને ચોરીનો ભય સતાવે. જેની પાસે ગાંઠ જ નથી, તેને ચોરાવાનો કોઈ ડર હોય ખરો ? ના. બાહ્યપરિગ્રહને બહારના ચોરો (ચોર - લુંટારાદિ) થી ભય હોય. જ્યારે અભ્યંતર ગુણોને અભ્યંતર પરિગ્રહથી ડર હોય છે. તે આત્મગુણોની સંપત્તિને ચોરી લે છે !

જેમ કે - મિથ્યાત્વ નામનો ચોર લૂંટ ચલાવે તો સમ્યક્ત્વ નામનો ગુણ લુંટાઈ જાય છે. ક્રોધ નામનો ચોર આવે તો ક્ષમા- ગુણને લૂંટી લે છે. માન આવી જાય તો નમ્રતા ગુણની ચોરી થાય છે. માયા - ચોર લૂંટ ચલાવે તો સરળતાને ઉપાડી જાય છે. લોભ નામનો ડાકુ આવી જાય તો સંતોષ વગેરે ઘણા ગુણોને લૂંટી જાય છે. અપેક્ષાએ ગણો તો બાહ્યપરિગ્રહની ચોરી થવા છતાં તમારું જીવન ન અટકે અથવા થોડા જ સમયમાં એ સંપત્તિ કમાઈ - મેળવી શકો પરંતુ અભ્યંતર

ચોરો જો ચોરી કરે તો એ ગુણો પરત મેળવતાં કે આવેલા દોષોને કાઢતાં ક્યારેક દિવસો, મહિનાઓ કે વર્ષો જ નહીં; કેટલાય ભવો વીતી જાય છે !

**ટૂંકમાં કહીએ તો એમ કહેવાય કે - બાહ્યપરિગ્રહનો અભાવ નિર્ધન બનાવે છે. અભ્યંતર પરિગ્રહ જીવને નિર્ગુણ બનાવી દે છે. પ્રથમ પ્રકારનાં પરિગ્રહનો અભાવ હોય તો સંસારીજીવ પરેશાન થાય છે, જ્યારે બીજા પરિગ્રહનો સદ્ભાવ મુનિ - જીવને પરેશાન કરી મૂકે છે. હા, બંને પ્રકારના પરિગ્રહનો અભાવ જ સાચા સુખને પ્રદાન કરી શકે છે.** આ જ વાત આગળ પાંચમા શ્લોકમાં ઉપાધ્યાયજી મ. ખુદ જ જણાવવાના છે.

હવે ચોથા શ્લોકના માધ્યમથી વિચારણાને આગળ વધારીએ.

**चित्तेऽन्तर्ग्रन्थगहने, बहिर्निर्ग्रन्थता वृथा ।**

**त्यागात्कञ्चुकमात्रस्य, भुजगो न हि निर्विषः ।। ४।।**

**ભાવાર્થ :** જો મુનિનું ચિત્ત પણ અભ્યંતર - પરિગ્રહથી ખીચો - ખીચ ભરેલું હોય તો બાહ્યપરિગ્રહનો કરેલો ત્યાગ નિરર્થક છે. જેમ માત્ર ઉપરની કાંચળીનો ત્યાગ કરવાથી સાપ ઝેર રહિત બની જતો નથી.

કોઈ પણ વ્યક્તિ દીક્ષા લે ત્યારે સર્વસંગનો ત્યાગ કરે છે, એવું બોલાય છે. તેનો મતલબ એ છે કે - ઘર - પરિવાર - પૈસો- પેઢી વગેરે નવ પ્રકારના બાહ્યપરિગ્રહનો ત્યાગ કરી રહ્યા છે. વર્તમાન જનમમાં પુણ્યના ઉદયથી મળેલી તમામ સામગ્રી છોડીને આ પુણ્યાત્મા સાધુ જીવનનો સ્વીકાર કરી રહ્યા છે. બહારનો પરિગ્રહ પણ સર્વસંગના ત્યાગરૂપ જીવનમાં બાધક છે. **'પુણ્યના ઉદયથી મળેલી સામગ્રી પણ ભોગવવા જેવી નથી'.** આવું જ્ઞાનીઓનું કથન તેમના દિલમાં સ્થાન ગ્રહણ કરે ત્યારે તે મુનિજીવનના સ્વીકાર માટે તૈયાર થાય છે.

મુનિપણાની સાધનામાં આ બાહ્યપરિગ્રહ બાધક છે. કારણ, પરિગ્રહ અને પરિગ્રહ પ્રત્યેનો મમત્વભાવ સાધનાને દૂષિત કરે છે. ચિત્તને ડામાડોળ બનાવી દે છે. અશુભ અધ્યવસાયો - લેશ્યા - પરિણામના ગ્રાફને નીચે ઉતારી દે છે. એટલું જ નહીં આચારાંગ સૂત્રના કથન મુજબ તો સ્વજનધૂનન - મોહધૂનન, શરીરધૂનન, ઉપકરણધૂનન કરીને દીક્ષાનો સ્વીકાર કરવાની વાત પર ભાર મૂક્યો છે. અધિકરણરૂપ ભૌતિક સુખની સામગ્રી છોડ્યા પછી સાધુજીવનમાં ઉપયોગી કપડાં, કામળી, પાત્રાદિ ઉપકરણો પર પણ રાગ- મમત્વ થવાની પૂરી સંભાવના હોવાથી આ ધૂનનની વાત કરી છે. ધૂનનનો મતલબ છે : તે તે ચીજના રાગને પાતળો પાડી દેવો. તેના મમત્વભાવને ખંખેરવો. ઉપકરણોનું મમત્વ પણ મહાવ્રતાદિને ડાઘ



લગાડે છે. આત્માને અપવિત્ર બનાવે છે.

**ભૌતિક ચીજોનો ત્યાગ અધ્યાત્મજીવન જીવવા માટે જેમ જરૂરી છે, તેમ અભ્યંતર પરિગ્રહનો ત્યાગ સિદ્ધિની સાધના માટે જરૂરી છે.** આત્મા જેમ જેમ ગુણસ્થાનકની અપેક્ષાએ આગળ વધે તેમ તેમ નિઃસંગતામાં વધારો થવો જોઈએ. અંતઃકરણને શુભ - શુદ્ધ બનાવવા માટે વૈષયિક અને કાષાયિક ભાવોની સાથે કષાયોનાં કારણરૂપ હાસ્યાદિ નવ નોકષાયોનો ત્યાગ પણ એટલો જ જરૂરી છે. તે **નવ નોકષાયો ક્રોધાદિ ચાર કષાયોને બહેકાવવાનું - ઉત્તેજિત કરવાનું કામ કરે છે.** એટલે કે - સૂતેલા સાપને જગાડવા જેવું કાર્ય આ નોકષાયોનું છે. નોકષાયો પર લગામ ન રાખી શકે તે કષાયોથી ન જ બચી શકે. અગ્નિમાં ઘી હોમવા જેવું કાર્ય આ નોકષાયો કરે છે.

દુર્જનનો સ્વભાવ જુઓ તો એવો હોય છે કે બહારથી અલગ દેખાય અને અંદરથી અલગ હોય. 'મુખ મેં રામ, બગલ મેં છુરી' જેવી સ્થિતિ જોવા મળે છે. તેના વચનમાં અમૃત હોય છે, દિલમાં ઝેર હોય છે. એના અંતરને ન ઓળખી શકનારો ત્યાં ઠગાઈ જાય છે. કારણ, તેનાં વચનો ખૂબ મીઠાં હોય છે. વચનોની મીઠાશથી સરળ માણસો અંજાઈ જાય છે. જ્યારે ઠગાયાનો અનુભવ થાય ત્યારે બાજી હાથમાં હોતી નથી. આવા દુર્જનો વ્યવહારથી જોઈએ તો બીજાનું અહિત કરતા હોય છે. જ્યારે વેષધારી સાધુ કે જેમણે બાહ્ય પરિગ્રહનો ત્યાગ કર્યો હોય, અંદરની પરિગ્રહની ગાંઠો અકબંધ પડી હોય; તે તો પહેલાં પોતાનું જ અહિત કરનાર થાય છે. ત્યારબાદ પરિચયમાં આવેલા, તેમનાં મીઠાં વચનોથી અંજાઈ ગયેલાનું અહિત થાય છે - કરે છે.

માનવને ઓળખવા માટે માત્ર તેનાં વચનો પર જ ભરોસો ક્યારેય ન કરાય. કેટલાક જીવો સહવાસ પછી જ વાસ્તવિક ઓળખાય છે. વાણીમાં મીઠાશ હોય તેનું દિલ મીઠું જ હોય એવું ન જ માની શકાય. દિલની મીઠાશ - કડવાશ ઓળખવા માટે તો દિવસો કે મહિનાઓ પણ લાગી શકે છે ! વચનની મીઠાશ ક્ષણવારમાં આકર્ષિત કરી શકે છે. કપટી વ્યક્તિને ઓળખવી બુદ્ધિશાળી જીવો માટેય અઘરું કાર્ય કરે છે. દુર્જન - દંભી - કપટી - માયાવીની પરીક્ષા કરવામાં ઘણા નાપાસ થાય છે, નિષ્ફળ પુરવાર થયા છે. માટે આવા જીવોથી ખૂબ જ સાવધાન રહેવું. હા, આ બધું (અયોગ્ય - દોષ વગેરે) જોઈને જીવ પ્રત્યે દ્વેષ ધારણ ન કરવો. કારણ, કોઈપણ જીવ ખરાબ નથી. તેનાં કર્મો તેની પાસે તેવા પ્રકારનું વર્તન કરાવે છે. માટે જ તો શાસ્ત્રકાર ભગવંતોએ નાનકડું સૂત્ર આપી આપણને દ્વેષાદિ દોષથી બચવાની તથા કર્મોનાં બંધનથી બચવાની શીખ આપે

છે. 'સવ્વે જીવા કમ્મવસ, ચઉદહ રાજભ્મમંત...' મતલબ, ચૌદ રાજલોકમાં ભમતાં (રહેલા) સર્વ જીવો કર્મને પરવશ છે.' કર્માધીન જીવો ઉપર દ્વેષાદિ ધારણ કરવાથી શું ફાયદો?

શ્રીઆચારાંગસૂત્રમાં પણ આવા જ ભાવનું નાનકડું - માર્મિક સૂત્ર આવે છે : **'પુઢો જીવા, પુઢો કમ્મા'** મતલબ, દરેક જીવો જુદા છે, પ્રત્યેક જીવોનાં કર્મો જુદાં છે. માટે જ તો શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવે કહ્યું : **'પાપ પર તિરસ્કાર ભલે જાગે, તે તો સારા માટે, સૌનાં હિત માટે છે પરંતુ ક્યારેય, કોઈ પણ જીવ પર (પાપી છે, નાલાયક છે, દોષો - દુર્ગુણોથી ભરેલો છે વગેરે વિચારી) દ્વેષ કે તિરસ્કાર ન કરવો.'** પાપના યોગે જ તો સૌનું ભવભ્રમણ ચાલું છે. સામા જીવની જેમ પોતાના જીવનો પણ વિચાર કરવો કે - હું હજી સુધી ચૌદ રાજલોકમાં કેમ ભટકી રહ્યો છું ? મારું કલ્યાણ (મુક્તિ) કેમ નથી થયું ? તેમાં મારાં જ પાપો અને દોષો જવાબદાર છે ને ? કોઈકનાં પાપ કે દોષોથી મારો મોક્ષ થોડો અટકે ? અથવા કોઈકના ગુણોથી મારું કલ્યાણ ક્યાંથી થાય ? **'જે કરે તે ભરે'** આ કહેવત પણ આ જ વાતની પુષ્ટિ કરે છે. જે ખાય તેનું જ પેટ ભરાય ને ?

સાપ પોતાની કાંચળીનો અમુક - અમુક સમયે ત્યાગ કરે છે. પરંતુ તેનાથી તે ઝેરહીન બની જતો નથી. તેનું ઝેર તો તેની દાંતો - દાઢોમાં હોય છે. તેને નિર્વિષ બનાવવા માટે ગારુડી તેના દાંત - દાઢ પાડી નાંખે છે. પછી તેને પોતાની પાસે રાખે છે. ગારુડી પાસે વિવિધ રીતે ઝેર ઉતારવા માટેનાં મંત્રો, ઔષધો અને જડીબુટ્ટીઓ હોવા છતાં વિશ્વાસ કરતા નથી ! **જેની પાસે પરિગ્રહનું ઝેર ઉતારવા માટે જિનવચનોના સ્વાધ્યાય વગેરે ઉપાયો ન હોય, તેવા પ્રકારના મંત્રો ન હોય તેણે તો પરિગ્રહનું જોખમ જ ન લેવાય. ઉપાયો હોય તોય તેના ઉપર આંધળો વિશ્વાસ તો ન જ મૂકાય.** જીવ નિમિત્તવાસી કહેવાય છે. નિમિત્ત મળતાં જ તે તરફ ઢળી જાય છે. એમાંય નબળાં નિમિત્તોની અસર જીવ ઉપર તરત જ થઈ જતી હોય છે. હલકાં - નબળાં નિમિત્તો હંમેશા વધારે જ મળતાં હોય છે.

પરિગ્રહપ્રેમી હંમેશા વાપરવા કરતાં ભેગું કરવાની વૃત્તિ વિશેષ ધરાવતો હોય છે. તે ધનની ત્રણ ગતિમાંથી ત્રીજી ગતિવાળો બને છે.

ધનની ત્રણ ગતિમાં પહેલી ગતિ છેઃ દાન. લક્ષ્મી વાપરનારથી વધે છે, સંગ્રહ કરનારની નહીં. **'દાને દોલત વધે સહી રે'** અથવા **'દાને દોલત પામીએ'** જેવાં સુવાક્યો સાંભળવા મળે છે. દાન દ્વારા પુણ્ય બંધાય છે. પુણ્યશાળીને ત્યાં જ લક્ષ્મી આવે છે અને સ્થિર થાય છે. પુણ્ય પૂરું થતાં લક્ષ્મી તેને છોડી બીજા પુણ્યવાનને ત્યાં ચાલી જાય છે. પરિગ્રહ ભેગો કરવા - કમાવવા માટે પુરુષાર્થ નહીં, પુણ્ય જ કામ આવે છે. પરિગ્રહ ભેગો કરવામાં - વાપરવામાં પુણ્યનો ખર્ચ થાય છે, તે



ભૂલવા જેવું નથી. એટલું નહીં, કોઈ પણ ચીજ - વસ્તુ લાવવામાં પૈસાનો ખર્ચ એક જ વાર ભલે થાય પરંતુ તેને જેટલી વાર વાપરો તેટલી વાર પુણ્યનો ખર્ચ થતો જ રહે છે ! માનવજાત જેટલી પૈસાની ચિંતા કરે છે, તેની સામે દશપૈસાય પુણ્યની ચિંતા નથી કરતો. **અર્થોપાર્જન કરતાં વધારે મહેનત પુણ્યોપાર્જન (તે પણ પુણ્યાનુબંધી પુણ્ય) માટે કરે તો ભાવિ જરૂર ઉજ્જ્વળ બને !**

(ક્રમશઃ) ધ

## ★ જ્ઞાનવૈભવ (વિવિધગ્રંથોમાંથી સંકલિત) - ૨ ★★★

**સંકલન : શ્રીજ્ઞાનમિત્ર**

**૨૪ તીર્થંકર ભગવંતોનાં સમવસરણનું માન**

૧. શ્રી આદિનાથ ભગવાનનું સમવસરણ ૪૮ ગાઉનું. ૨. શ્રી અજિતનાથ ભગવાનનું સમવસરણ ૪૬ ગાઉનું ૩. શ્રી સંભવનાથ ભગવાનનું સમવસરણ ૪૪ ગાઉનું ૪. શ્રી અભિનંદન સ્વામીનું સમવસરણ ૪૨ ગાઉનું ૫. શ્રી સુમતિનાથ ભગવાનનું સમવસરણ ૪૦ ગાઉનું ૬. શ્રી પદ્મપ્રભ સ્વામીનું સમવસરણ ૩૮ ગાઉનું ૭. શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું સમવસરણ ૩૬ ગાઉનું ૮. શ્રી ચન્દ્રપ્રભ સ્વામીનું સમવસરણ ૩૪ ગાઉનું ૯. શ્રી સુવિધિનાથ ભગવાનનું સમવસરણ ૩૨ ગાઉનું ૧૦. શ્રી શીતલનાથ ભગવાનનું સમવસરણ ૩૦ ગાઉનું ૧૧. શ્રી શ્રેયાંસનાથ ભગવાનનું સમવસરણ ૨૮ ગાઉનું ૧૨. શ્રી વાસુપૂજ્ય ભગવાનનું સમવસરણ ૨૬ ગાઉનું ૧૩. શ્રી વિમલનાથ ભગવાનનું સમવસરણ ૨૪ ગાઉનું ૧૪. શ્રી અનંતનાથ ભગવાનનું સમવસરણ ૨૨ ગાઉનું ૧૫. શ્રી ધર્મનાથ ભગવાનનું સમવસરણ ૨૦ ગાઉનું ૧૬. શ્રી શાંતિનાથ ભગવાનનું સમવસરણ ૧૮ ગાઉનું ૧૭. શ્રી કુંથુનાથ ભગવાનનું સમવસરણ ૧૬ ગાઉનું ૧૮. શ્રી અરનાથ ભગવાનનું સમવસરણ ૧૪ ગાઉનું ૧૯. શ્રી મલ્લિનાથ ભગવાનનું સમવસરણ ૧૨ ગાઉનું ૨૦. શ્રી મુનિસુવ્રત સ્વામીનું સમવસરણ ૧૦ ગાઉનું ૨૧. શ્રી નમિનાથ ભગવાનનું સમવસરણ ૮ ગાઉનું ૨૨. શ્રી નેમિનાથ ભગવાનનું સમવસરણ ૬ ગાઉનું ૨૩. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સમવસરણ ૫ ગાઉનું ૨૪. શ્રી મહાવીર સ્વામીનું સમવસરણ ૪ ગાઉનું

**તીર્થંકર ભગવાનની બાર પર્ષદા (સમવસરણમાં)**

૧. સાધુ - સાધ્વી તથા વૈમાનીક દેવીઓ પૂર્વ દિશાથી પ્રવેશ કરી, ભગવાનને પ્રદક્ષિણા આપી, નમસ્કાર કરી અગ્નિખૂણામાં બેસે. ૨. ભવનપતિ - વ્યંતર - જ્યોતિષી : એમ ત્રણ નિકાયની દેવીઓ દક્ષિણથી પ્રવેશ કરી, ભગવાનને પ્રદક્ષિણા

દઈ, નમસ્કાર કરી નૈઋત્ય ખૂણામાં રહે. ૩. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી દેવો પશ્ચિમ દિશાથી પ્રવેશ કરી, પ્રદક્ષિણા આપી, નમસ્કાર કરી વાયવ્ય ખૂણામાં બેસે. ૪. વૈમાનિક દેવો, માનવો અને માનવસ્ત્રીઓ ઉત્તર દિશાના દ્વારથી પ્રવેશ કરી, પ્રદક્ષિણા કરી, ઈશાન ખૂણામાં રહે.

આમાં સાધુ - સાધ્વીજી - શ્રાવક - શ્રાવિકા : ચાર પાર્ષદા માનવોની, ચાર નિકાયના દેવોની ચાર અને તે જ ચારે નિકાયની દેવીઓની ચાર એમ ૧૨ પર્ષદા થાય. ચાર નિકાયની દેવીઓ તથા સાધ્વીજી ઊભાં - ઊભાં દેશના સાંભળે.

**કયા દેવોએ રચેલું સમવસરણ કેટલો સમય ટકે ?**

● સૌધર્મ - ઈન્દ્રનું કરેલું સમવસરણ ૮ દિવસ રહે. ● ઈશાન - ઈન્દ્રનું કરેલું સમવસરણ ૧૫ દિવસ રહે. ● સનત્કુમાર - ઈન્દ્રનું કરેલું સમવસરણ ૩૦ દિવસ રહે. ● મહેન્દ્રકુમાર - ઈન્દ્રનું કરેલું સમવસરણ ૬૦ દિવસ રહે. ● બ્રહ્મેન્દ્રનું બનાવેલું સમવસરણ ૧૨૦ દિવસ રહે. ● અચ્યુતેન્દ્રનું ઈન્દ્રનું કરેલું સમવસરણ ૧૦ દિવસ રહે. ● જ્યોતિષી દેવો દ્વારા નિર્મિત સમવસરણ ૧૫ દિવસ રહે.

**વીશ વિહરમાન જિનનો વિચાર :**

● એક કાળે ઉત્કૃષ્ટથી ૧૭૦ તીર્થંકરભગવંતો વિહરમાન હોય છે. ● એક કાળે જઘન્યથી ૨૦ તીર્થંકરભગવંતો વિહરમાન હોય છે. મતાંતરે ૧૦ હોય છે. ● ભરત - ઐરવતે વિરહ પડે તો મહાવિદેહમાં ઉત્કૃષ્ટ ૧૬૦ તીર્થંકરભગવંત હોય. ● માત્ર ભરત - ઐરવતના ઉત્કૃષ્ટથી ગણો તો ૧૦ તીર્થંકર હોય. ● પાંચ ભરત ક્ષેત્રમાં પાંચ, પાંચ ઐરવત ક્ષેત્રમાં પાંચ, પાંચ મહાવિદેહક્ષેત્રમાં ૧૬૦ વિજયોના ૧૬૦ મળીને ૧૭૦ તીર્થંકરભગવંતો થાય. ● વર્તમાન ચોવીશીના બીજા અજિતનાથ ભગવાન ભરતક્ષેત્રમાં વિચરતા હતા ત્યારે તમામ ૧૫ કર્મભૂમિમાં, તમામ ક્ષેત્રોમાં તીર્થંકરભગવંતો હતા. મતલબ, ૧૭૦ તીર્થંકરભગવંતો હતા. ● ઉત્સર્પિણીમાં (ચઢતા કાળમાં) આઠમા તીર્થંકર (ભરતક્ષેત્રમાં) થાય તે પૂર્વે ૧૭૦ તીર્થંકર થાય છે. ● મહાવિદેહક્ષેત્રમાં વિહરમાન તીર્થંકરભગવંતોનો ક્યારેય વિરહ ન હોય. ● પાંચ મહાવિદેહ ક્ષેત્ર છે તેમાંથી દરેક મહાવિદેહમાં ઓછામાં ઓછા ૪-૪ તીર્થંકરભગવંતો અવશ્ય હોય જ. ● જન્મની અપેક્ષાએ ગણવામાં આવે તો મહાવિદેહ ક્ષેત્રમાં ૧૬૦૦ થી વધુ તીર્થંકરભગવંતો હોય છે. ● અવસર્પિણીમાં ભરતક્ષેત્ર (ઐરવતમાં પણ) ૧૭ મા અને ૧૮ ભગવાન થાય એની વચ્ચેના ગાળામાં ૨૦ તીર્થંકરભગવંતો મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લે. તેથી તે સમયે જ ઘન્યથી ૨૦ તો હોય જ. ● આવતી ચોવીશીના (ઉત્સર્પિણી કાળના) સાતમા ઉદયપ્રભ અને ૮ મા પેઢાલ નામના તીર્થંકર થશે. તેમના આંતરામાં વર્તમાનના ૨૦ વિહરમાન



ભગવાન મોક્ષમાં જશે. ● આ ૨૦ વિહરમાન; વર્તમાન ચોવીશીના ૨૦ મા મુનિસુવ્રતસ્વામી અને ૨૧ મા નમિનાથ ભગવાનના આંતરામાં દીક્ષા લઈ કેવલજ્ઞાન પામ્યા હતા. તેથી તે સમયે ટોટલ ૩૦ તીર્થંકર ભગવંતો પંદર ક્ષેત્રમાં કેવલી પર્યાયમાં વિદ્યમાન હતા. (પાંચ ભરતમાં. પાંચ ઐરવતમાં અને ૨૦ મહાવિદેહમાં) ● તીર્થંકર ભગવંતોનાં ચ્યવન અને જન્મ મધ્ય રાત્રે જ થાય. ભરત - ઐરવતમાં રાત્રિ હોય ત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં દિવસ હોય છે. તેથી પાંચ ભરત + પાંચ ઐરવત અને મહાવિદેહના ૨૦ મળી ૩૦ તીર્થંકર ભગવંતોનો સાથે જન્મ થઈ શકે. ● પાંચ મેરુ પર્વત પર અભિષેક કરવાનાં સિંહાસનો ૩૦ હોય છે. ૧-૧ મેરુપર્વત પર ૪-૪ શિલાઓ હોય છે. તેમાં પૂર્વ - પશ્ચિમની શિલા ઉપર એક - એક જ સિંહાસન હોય છે. ● ચાર મહાવિદેહમાં એક સાથે ૨૦ ભગવાનનો જન્મ થાય. તો ૨૦ તે- તે દિશાનાં સિંહાસન પર સાથે જન્માભિષેક થાય ! ● પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રમાં એક સાથે ૧૦ નો જન્મ થાય તેથી ૧૦ નો જન્માભિષેક સાથે થાય. કારણ, ભરતક્ષેત્ર અને ઐરવત ક્ષેત્રના ભાવો સરખા જ છે. મહાવિદેહના ભાવો હંમેશા એક જ રહે છે, તે ભરત - ઐરવતના ચોથા આરા સમાન સમજવા. ● પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં એક સાથે ૨૦ નો જન્મ થતો હોવાથી તેમનો પણ જન્માભિષેક પાંચ મેરુના ૨૦ સિંહાસન પર સાથે જ થાય છે. તે તે દિશામાં જન્મેલા તીર્થંકર ભગવંતોના જન્માભિષેક તે તે દિશાની શિલા સિંહાસન પર થાય. (મહાવિદેહમાં એક સાથે ૨૦ જ જન્મે, સમયાંતરે જન્મેલાની ઉત્કૃષ્ટ સંખ્યા કેવલજ્ઞાનીની અવસ્થામાં ૧૬૦ થઈ શકે છે.) ● મહાવિદેહ ક્ષેત્રમાં જન્મેલા તીર્થંકર ભગવંતોનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું જ હોય અને શરીરની અવગાહના (ઊંચાઈ) ૫૦૦ ધનુષ્ય (૧ ધનુષ્ય = ૪ હાથ = ૬ ફૂટ થાય.) હોય છે. ● ભરત - ઐરવત ક્ષેત્રમાં ઉત્સર્પિણીમાં ત્રીજા - ચોથા આરામાં અને અવસર્પિણીમાં ત્રીજા - ચોથા - પાંચમા આરામાં ધર્મ હોય છે. મહાવિદેહક્ષેત્રમાં ક્યારેય ધર્મનો વિરહ હોતો જ નથી.

**મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન વિચરતા ૨૦ ભગવાનનો ટૂંકો પરિચય**

| | જિનેશ્વરનું નામ | વિજય | નગરી | પિતા | માતા | સ્ત્રી |
|---|---|---|---|---|---|---|
| ૧. | સીમંધરસ્વામી | પુષ્કલાવતી | પુંડરિગિણી | શ્રેયાંસ | સત્યકી | રુક્મિણી |
| ૨. | યુગમંધરસ્વામી | વપ્ર | વિજયા | સુદૃઢ | સુતારા | પ્રિયમંગલા |
| ૩. | બાહુસ્વામી | વચ્છ | સુસીમા | સુગ્રીવ | વિજયા | મોહિની |
| ૪. | સુબાહુસ્વામી | નલિનાવતી | અયોધ્યા | નિસઢ | સુનંદા | કિંપુરુષા |
| ૫. | સુજાતસ્વામી | પુષ્કલાવતી | પુંડરિગિણી | દેવસેન | દેવસેના | જયસેના |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬. સ્વયંપ્રભસ્વામી | વપ્ર | વિજયા | મિત્રભુવન | સુમંગલા | પ્રિયસેના |
| ૭. ઋષભાનનસ્વામી | વચ્છ | સુસીમા | કીર્તિરાજ | વીરસેના | જયાવતી |
| ૮. અનંતવીર્ય સ્વામી | નલિનાવતી | અયોધ્યા | મેઘરાજ | મંગલા | વિજયાવતી |
| ૯. સુરપ્રભ સ્વામી | પુષ્કલાવતી | પુંડરીકિણી | વિજયસેન | વિજયાવતી | નંદીષેણા |
| ૧૦. વિશાલ | વપ્ર | વિજયા | શ્રીનાગ | ભદ્રા | વિમલા |
| ૧૧. વજ્રધર | વચ્છ | સુસીમા | પદ્મરથ | સરસ્વતી | વિજયાવતી |
| ૧૨. ચન્દ્રાનન | નલિનાવતી | અયોધ્યા | વાલ્મિક | પદ્માવતી | લીલાવતી |
| ૧૩. ચન્દ્રબાહુ | પુષ્કલાવતી | પુંડરીકિણી | દેવનંદ | રેણુકા | સુગંધા |
| ૧૪. ભુજંગમ | વપ્ર | વિજયા | મહાબલ | મહિમા | ગંધસેના |
| ૧૫. ઈશ્વર | વચ્છ | સુસીમા | ગજસેન | યશોજ્વલા | ભદ્રવતી |
| ૧૬. નમિપ્રભ | નલિનાવતી | અયોધ્યા | વીરરાજ | સેના | મોહિની |
| ૧૭. વીરસેન | પુષ્કલાવતી | પુંડરીકિણી | ભૂમિપાલ | ભાનુમતી | રાજસેના |
| ૧૮. મહાભદ્ર | વપ્ર | વિજયા | દેવરાજ | ઉમા | સૂરિકાંતા |
| ૧૯. દેવયશા | વચ્છ | સુસીમા | સર્વભૂમિ | ગંગા | પદ્માવતી |
| ૨૦. અજિતવીર્ય | નલિનાવતી | અયોધ્યા | રાજપાળ | કનીનિકા | રત્નાવતી |

• આ ૨૦ વિહરમાન પરમાત્મા - બધા જ સુવર્ણવર્ણી કાયાવાળા છે. • બધાનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વ વર્ષનું છે. •બધાની કાયા ૫૦૦ ધનુષ્યની ઊંચાઈવાળી છે. • દરેકને ૧૦ - ૧૦ લાખ કેવલી - ભગવંતોનો પરિવાર છે. • દરેકની નિશ્રામાં ૧૦૦ - ૧૦૦ ક્રોડ સાધુ - સાધ્વીજી છે. • ઉપર જ્યાં જ્યાં અયોધ્યાનગરી લખી છે. ત્યાં મતાંતરે વીતશોકા નામ પણ મળે છે.

## ★ વાચનનું તારણ, જ્ઞાનનું કારણ ★★★

**- સંકલનમિત્ર**

**[(૧) તમારી કે તમારી સંપત્તિની સલામતી કયાં ?**

માનવજાત પોતાની (શરીરની) તથા કુટુંબ પરિવારથી લઈ ધન-સંપત્તિની સુરક્ષા માટે રાત-દિવસ તનતોડ પુરુષાર્થ કરતો જ રહે છે. શાશ્વત આત્માની ચિંતા કરવાની જગ્યાએ નાશવંત (ક્ષણિક) શરીર-સંપત્તિ વગેરે પાછળ મહેનત કરી, તેના વિચારો સ્વરૂપ આર્ત-રૌદ્રધ્યાન કરી-કરાવી જીવ ક્લિષ્ટ કર્મો બાંધતો હોય છે. હા, એ પુરુષાર્થ વગેરેથી કાંઈ જ ટકતું નથી. માત્ર પુણ્ય હોય તો જ આ બધું તેટલો સમય સ્થિર રહે છે અથવા પુણ્યના કદ પ્રમાણે એમાં વધારો થાય છે.

સંપત્તિ માટે મહેનત કરનારો વૃક્ષનાં ડાળી-પાંદડાં પર પાણી સિંચનારો ગણાય છે. જ્યારે પુણ્ય માટે પુરુષાર્થ કરનારો જીવ વૃક્ષના મૂળને સિંચે છે.



ગમે તેટલાં તાળાં મારો... સંચ બનાવીને તેમાં રાખો, જમીનમાં દાટો-ગાળો, એફ.ડી. કરો, લોકરમાં મૂકો- વ્યાજે મૂકો, ધંધામાં ઈન્વેસ્ટ કરો... પુણ્યના ઉદય સુધી જ એ સચવાય છે, ટકે છે..... પુણ્ય પૂરું થયા પછી તે આગ-રાખ-માટી-ચોર-રાજા (સરકાર)- પાણી વગેરેના હવાલે થઈ જાય છે.

આવો જ એક કિસ્સો ગુજરાત સમાચારમાં (તા. ૨-૧૦-૨૦૨૩ સોમવારે) જે ઉત્તરપ્રદેશના મુરાદાબાદ શહેરમાં બન્યો છે. તે વાચકોની આંખ ઉઘાડનારો બનશે; એમ સમજી અહીં રજૂ કર્યો છે. ૧૮ લાખ જેવી માતબર રકમની નોટો બેંકના લોકરમાં ઉધઈના હવાલે થઈ ગઈ !! **- સંપાદક]**

**લોકરમાં મૂકેલી ૧૮ લાખની નોટો ઉધઈ ખાઈ ગઈ**

ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં ઉધઈના કારણે એક મહિલાએ પોતાની જીવનભરની બચતની રૂપિયા ૧૮ લાખની રકમ ગુમાવી છે. અલકા પાઠક નામની મહિલાએ મુરાદાબાદમાં બેંક ઓફ બરોડાની બ્રાન્ચના લોકરમાં ૧૮ લાખ રૂપિયા રાખ્યાં હતા. નાની દીકરીના લગ્ન વખતે લેવા ગયાં ત્યારે અલકાબેનના હોંશ ઊડી ગયા. લોકરમાં રાખેલી ૧૮ લાખની નોટો ઉધઈ ખાઈ ગઈ હતી અને લોકરમાં માટી પડી હતી. અલકાએ લોકરમાં દાગીના પણ રાખ્યાં હતા પણ દાગીનાને કંઈ થયું નહોતું.

અલકાએ બ્રાંચ મેનેજરને જાણ કરતાં હવે તપાસ શરૂ કરવામાં આવી છે. ગ્રાહક સુરક્ષાના કાયદાના જાણકારોના મતે, અલકા બેંક પર પોતાની નોટો માટે દાવો કરી શકે છે.

**[(૨) ખોરાક ક્યારે જીવાડે? ક્યારે મારે?**

સામાન્યથી જીવવા માટે ખાવાનું હોય છે. ભક્ષ્યાભક્ષ્ય વગેરેના વિવેક જાળવીને ખાય તો શરીરને પુષ્ટિ મળે... પ્રકૃતિ વિરુદ્ધ, અશુદ્ધ, ભેળસેળવાળા પદાર્થો ખાવાથી મોત સુધીની નોબત આવે છે. સામાન્ય ગણાતી **'પાણીપુરી' એ** કિશોરીના પ્રાણ લીધાની ગુજરાત સમાચારમાં તા. ૩.૧૦.૨૦૨૩ મંગળવારે આવેલી વાત અહીં રજૂ કરી છે. પાણીપુરીનો સ્વાદ કેટલો? તેની પાછળ ખર્ચો કેટલો? તબિયત બગડવાથી (અશુદ્ધ ખોરાક-પાણીના કારણે તબિયત લથડી) એ રોગના ઉપચારમાં કેટલો ખર્ચ થશે? માતાને પણ કેટલી હેરાનગતિ પોતાના લીવરનો ટુકડો આપવા માટે ભોગવવી પડી? આ બધું કરવા છતાં છેવટે તો કાળજાના ટુકડા જેવી એ કિશોરી મૃત્યુના મુખમાં ધકલોઈ ગઈ! માત્ર ૧૩ વર્ષની ઉંમરે આ દુનિયાને અલવિદા કરી દેવી પડી!!

વાંચો એ જ ન્યુઝપેપરનું એ મૂળ લખાણ... **- સંપાદક]**

**અશુદ્ધ પાણીમાં બનતી વાનગીઓથી ચેતવા જેવો કિસ્સો**

**પાણીપુરીથી કિશોરીને હિપેટાઈટિસ,લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવું પડ્યું**

અમદાવાદ,સોમવાર

ચોખ્ખાઈ રાખવામાં આવતી ન હોય તેવી જગ્યાએ પાણીપુરી ખાવાની ટેવ હોય તો ચેતી જવાનો કિસ્સો સામે આવ્યો છે. કિશોરીને પાણીપુરી ખાધા બાદ લીવરને લગતી બીમારી હિપેચાઈટિસ 'ઈ' થયું અને તે વકરતાં તેને લીવર ટ્રાન્સપ્લાન્ટના થોડા દિવસ બાદ પણ સ્વાસ્થ્ય કથળતાં ૧૩ વર્ષીય કિશોરીનું મૃત્યુ થયું હતું.

**માતાના લીવરના અમુક હિસ્સાથી ટ્રાન્સપ્લાન્ટ કરાયા બાદ પણ સ્વાસ્થ્ય કથળતાં કિશોરીનું મૃત્યુ**

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદની સિવિલ હોસ્પિટલના પરિસરમાં આવેલી ઈન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રીસર્સ સેન્ટર (આઈ કેડીઆરસી) ખાતે તાજેતરમાં આ કિસ્સો સામે આવ્યો હતો. જેમાં ૧૩ વર્ષની કિશોરી પાણીપુરી ખાધાના થોડા કલાક બાદ પેટમાં અસહ્ય દુ:ખાવાની ફરિયાદ કરવા લાગી હતી. જનરલ ડોક્ટરની દવા લીધા બાદ પણ દુ:ખાવામાં ફરક નહીં પડતાં વધારે ટેસ્ટ કરાવવામાં આવ્યા હતા. જેમાં હિપેટાઈટિસ 'ઈ' હોવાનું નિદાન થયું હતું કે તેના લીવરને પણ ભારે નુકસાન થયું હતું. જેના પગલે આ કિશોરીને આઈકેડીઆરસી ખાતે દાખલ કરાઈ હતી. લીવરને ભારે નુકસાન પહોંચતાં તેને ટ્રાન્સપ્લાન્ટ કરવું પડે તેમ હતું. આ કિશોરીની માતાએ તેના લીવરનો અમુક ભાગ ટ્રાન્સપ્લાન્ટ માટે આપ્યો હતો. લીવર ટ્રાન્સપ્લાન્ટની સર્જરી સફળ પણ રહી હતી. પરંતુ થોડા દિવસો બાદ તેનું સ્વાસ્થ્ય ફરી કથળ્યું અને જેના લીધે તેણે જીવ ગુમાવ્યો હતો. આમ, બહારનો વાસી ખોરાક કઈ રીતે જોખમી પુરવાર થઈ શકે છે તેનો આ ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ અંગે આઈકેડીઆરસી ખાતે લિવર ટ્રાન્સપ્લાન્ટના વડા ડો.પ્રાંજલ મોદીએ જણાવ્યું કે, 'બહારનો ખોરાક ખાતા પહેલા ત્યાંની ચોખ્ખાઈ સહિતની બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. વાસી-ગંદા ખોરાકથી સ્વાસ્થ્યને ખૂબ જ અસર પડી શકે છે.' આ ઉપરાંત અનેક લોકોને માથાના સામાન્ય દુ:ખાવા કે સામાન્ય તાવમાં પણ વધારે પડતી એન્ટિ બાયોટિક દવા લેવી પણ લીવર માટે જોખમી પુરવાર થઈ શકે છે. ડોક્ટરોની સલાહ બાદ જ દવા લેવી હિતાવહ છે.

**હિપેટાઈટિસથી લીવર પર સોજો આવે છે**

હિપેટાઈટિસ લીવર સાથે જોડાયેલો રોગ છે. જે વાયરલ ઈંફેક્શનથી થાય છે. આ રોગ થવાથી લીવર પર સોજો આવે છે અને બળતરા થાય છે. આ રોગના



પાંચ પ્રકાર છે જેમાં હિપેટાઈટિસ છ,એ.બી.સી.ડી.ઈ. નો સમાવેશ થાય છે. તેમાં ટાઈપ બી તેમજ સી સૌથી ઘાતક છે. તેના કારણે લિવર સિરોસિસ અને કેન્સર થાય છે.

## ★ પૂજ્યશ્રીનાં પગલે અને વચને... ★★★

**- સંકલન**

સન્માર્ગરક્ષક પૂ. ગુરુદેવ આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ શ્રમણ - શ્રમણી ભગવંતોનું પાંચ મહિનાનું ચાતુર્માસ કાળના પ્રવાહ સાથે આગળ વધી રહ્યું છે.... પર્વાધિરાજ પર્યુષણાપર્વ (ક્ષમાપનાપર્વ) ગયા બાદ નવપદ પર્વ આવ્યું... એ શાશ્વત પર્વ પૂરું થયું ત્યાં દિવાળીપર્વનું શુભ આગમન થયું ! પર્યુષણાદિ પર્વો લોકોત્તર છે. દિવાળી પર્વ લૌકિક - લોકોત્તર : ઉભય છે. જિનશાસનનું દિવાળીપર્વ ત્યાગ પ્રધાન છે. તેમાં તપ - ત્યાગનો મહિમા છે. શાસ્ત્રીય રીતે આ પર્વ નિમિત્તે છઠ્ઠ તપ કરવાનું વિધાન છે. અપેક્ષાએ ગણીએ તો સંવત્સરીના અઠ્ઠમથી પણ વધારે લાભ દિવાળીના છઠ્ઠનો છે. સંવત્સરીનો અઠ્ઠમ પ્રાયશ્ચિત્તરૂપે - ઋણમુક્તિ રૂપે કરવાનો છે. જ્યારે દિવાળીનો છઠ્ઠ પુણ્યની વૃદ્ધિરૂપે અને નવી મૂડી ઊભી કરવા સ્વરૂપે છે... વગેરે શાસ્ત્રીય વાતોને તર્કબદ્ધ રીતે પૂજ્યશ્રીએ રજૂ કરતાં, તેના ફળ સ્વરૂપે ૧૫૦ વર્ષીતપમાં લગભગ ૮૭ અઠ્ઠમ થયા ! તે જ રીતે છૂટા ભાવિકોમાં પણ લગભગ ૮૮ છઠ્ઠ થયા ! એમાંય લગભગ ૨૧ તો નાની ઉંમરના બાળકો હતાં !! કેટલાકે તો જીવનમાં ઉપવાસ પણ કર્યો નહોતો... આ બધો પ્રભાવ ગુરુવાણીનો હતો. રાત્રે દેવવંદનમાં ૫૦ રૂ. ની પ્રભાવના થઈ. સાંજે જિનાલયમાં આરતી સમયે રૂ. ૨૦ની પ્રભાવના થઈ. નિર્વાણ કલ્યાણક નિમિત્તે સવા નવ કિલોનો મોદક, ૭૨ દીવાના આરતી, ૭૨ સાથિયા તેટલાં જ ફળ - નૈવેદ્યની ગોઠવણ થયેલ. લાખ અખંડ ચોખાનો સ્વસ્તિક... વગેરે થયેલ. તેના ચઢાવા થયા હતા.

કેટલાંક વર્ષોથી શ્રીવીશા ઓસવાલ જૈન સંઘ - બોરસદમાં છઠ્ઠના ઉત્તર પારણાં - પારણાંનો લાભ શ્રીમતી હંસાબેન ભરતભાઈ કસ્તૂરચંદ પરિવાર - કાવિઠાવાળા જ લઈ રહ્યા છે. તે જ રીતે આ વર્ષે પણ આ જ પરિવારે લાભ લીધો હતો. એમાંય વળી વર્ષીતપવાળા અને છૂટાવાળાનાં પારણાં સાથે આવતાં હોવાથી અયોધ્યા નગરીમાં જ સાથે જ રાખવામાં આવ્યા હતાં. તે દિવસનો માહોલ અને ઠાઠ અવર્ણનીય હતા. પીરસવા - ભક્તિ કરવા પણ ઘણા ભાગ્યશાળીઓ આવ્યા હતા. રોજ ભક્તિ કરવા આવનાર શ્રેયાંસ પરિવારના કેટલાક સભ્યોએ પણ છઠ્ઠ કર્યા હતા ! પૂજ્યશ્રીએ જ્યારે પોતાની ભાવના વ્યકત કરી કે - ઓછામાં ઓછાં

છઠ્ઠ - અઠ્ઠમ મળી ૧૦૮ થવા જોઈએ. તે વખતે વર્ષીતપ સંકલન સમિતિ વતી અતુલભાઈએ કહ્યું કે - હે આરાધકો ! આપણે સવાયો આંકડો કરવાનો છે. તેની જગ્યાએ લગભગ ૧૭૫ નો આંકડો થઈ ગયો ! બોરસદમાં દર વર્ષે ૫ - ૨૫ છઠ્ઠ થતા હતા. આ ઓલટાઈમ રેકોર્ડ થયો ! વળી, આ તપસ્વીઓને પ્રભાવના કરવાની જાહેરાત થતાં... જ... ભાવિકોએ ફટાફટ લખાવવા માંડ્યા !

એમાંય વળી, પૂ. આચાર્યભગવંતે પોતે પણ છઠ્ઠનો તપ કર્યો હોવાથી ગામના તથા બહારગામના ગુરુભક્તોએ પણ મોટી રકમ લખાવી. એમ કરતાં પ્રભાવનાનો આંકડો ૭૪૦ પહોંચ્યો !! પ્રભાવનાએ પણ ઓલ ટાઈમ રેકોર્ડ બ્રેક કર્યો ! તમામ તપસ્વીઓનાં પારણાં અયોધ્યાનગરીમાં સાથે જ કરાવાયાં.

જ્ઞાનીપંચમીની આરાધના - પ્રવચન - દેવવંદન - ૫૧ સાથિયા - ફળ - નૈવેદ્ય - ૫૧ દીવાની જ્ઞાનની આરતી વગેરે અનુષ્ઠાન થયું. એમાં પણ સારી સંખ્યા જોડાઈ. દેવવંદન પછી ૫૧ રૂ. ની પ્રભાવના થયેલ.

**ચાતુર્માસ પરિવર્તન :** એ માટે અનેક વિનંતિઓ આવી હતી. એમાંથી ગુરુભક્ત ચંપકલાલ ચતુરદાસ શાહ પરિવારની વિનંતિનો પૂજ્ય ગુરુદેવે સ્વીકાર કર્યો. આ ભાગ્યશાળી પરિવારે પૂજ્યપાદ મોટા ગુરુદેવની ખૂબ સેવા કરેલી. કોરોના કાળમાં માત્ર ૨૪ કલાકના ટૂંકાગાળામાં બાપ - દીકરા બંને ઊપડી ગયા ! તેમના દીકરા 'હેત' ને પોતાના પૈસે આ કાર્ય કરવાના મનોરથ જાગ્યા હતા. તે હાલ કેનેડા ભણવા માટે ગયો છે. સાથે જોબ પણ કરે છે. તેની બચતમાંથી આ સુકૃત કર્યું ! સવારે (પૂનમે) ચતુર્વિધ સંઘ સાથે સિદ્ધાચલના ૫૨ જુહારી વાજતે - ગાજતે પૂજ્ય ગુરુદેવ મધુબેન ચંપકલાલ શાહના નિવાસ સ્થાને પધાર્યા. માંગલિક આદિ વિધિ કરીને બાજુની વીશા ઓસવાલ વાડી (હાલ - અયોધ્યાનગરી) માં પધાર્યા.

ત્યાં પૂજ્ય ગુરુદેવનું પ્રવચન થયું. એમાં ચાતુર્માસ પરિવર્તન, કાર્તિકપૂર્ણિમાનો શત્રુંજયનો મહિમા અને કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ.નો જન્મ : એમ ત્રણ વિષયોની વાત પૂજ્યશ્રીએ વણી લીધી હતી.

ત્યારબાદ ગુરુપૂજન, દર્શન - જ્ઞાનની સામગ્રી વહોરાવાની ક્રિયા થઈ. ૭૦ રૂ. નું સંઘપૂજન - પ્રભાવના બાદ પધારેલા તમામ ભાગ્યશાળીઓની નવકારશી કરાવાઈ.

કા.વ.૮ તા. ૫.૧૨.૨૦૨૩ મંગળવારે સવારે શુભમુહૂર્તે પૂજ્યગુરુદેવે બોરસદથી વિહાર કર્યો. અગાસ વડતાલ - ગુતાલ થઈ નડિયાદ પધાર્યા. ત્યાં બે જિનાલયોની (કલ્પદ્રુમ પાર્શ્વનાથ જિનાલ.ની કા.વ.૧૧ અને શ્રીસુમતિનાથ જિનાલયની કા.વ.૧૨ (દ્વિતીય) & સાલગિરા ઉજવાઈ. એમાં શ્રી સુમતિનાથ જિનાલયની સાલગિરા નિમિત્તે જૈનોનાં પ્રત્યેક ઘરોમાં ડ્રાયફ્રુટનાં પેકેટ તથા



ધ્વજારોહણ સમયે ૫૦૦ ગ્રામ ખજૂરનાં પેકેટ પ્રભાવના રૂપે અપાયાં. શ્રીસુમતિનાથ જિનાલય મહેન્દ્રભાઈ અંબાલાલ શાહે (પૂ.મુ.શ્રી દેવરત્ન વિ.મ.ના સંસારી સુપુત્ર) સ્વદ્રવ્યથી નિર્માણ કરેલ છે અને સ્વદ્રવ્યથી સંચાલન થાય છે. સાલગિરાનો પણ તમામ લાભ તેઓના પરિવારે જ લીધો હતો.

ત્યાંથી કા.વ. ૧૩ + ૧૪ તા. ૧૧-૧૨-૨૩ ના વિહાર કરી નરસંડા થઈ જિટોડિયા પધાર્યા. ત્યાંથી નાપાડ પધાર્યા. અહીં શ્રી મુનિસુવ્રતસ્વામીની ૯૯ મી સાલગિરા હતી.

માગ.સુ.૨ તા.૧૪-૧૨-૨૩ ગુરુવારે પૂજ્ય ગુરુદેવ નાપાડ પધાર્યા. માગ.સુ.૫ તા.૧૭ -૧૨-૨૩ રવિવાર સવારે સત્તરભેદી પૂજા ભણાવવા પૂર્વક ધ્વજારોહણનો કાર્યક્રમ થયો. ધ્વજા - ધ્વજદંડ આદિની અષ્ટ પ્રકારી પૂજા થઈ. ૧૦ દિક્પાલને બાળકા અપાયા. ' ૐ પુણ્યાહં પુણ્યાહં, પ્રીયન્તાં પ્રીયન્તામ્' ' ૐ શાંતિકરા ભવન્તુ...' વગેરેના મંગલકારી નાદ અને ઘોષ સાથે ધ્વજારોહણ થયું. ત્યારબાદ પૂજ્યશ્રીએ મોટી શાંતિ સંભળાવી. માંગલિક પ્રવચન થયું. પ્રવચનમાં નાપાડના રત્ન પૂજ્યશ્રીએ આવતી સાલ તા. ૬-૧૨-૨૪ સં. ૨૦૮૧ માગ.સુ.૫ શુક્રવારે આવનારી જિનાલયની શતાબ્દી અંગે કેટલાક નિયમો આપવા પૂર્વક મહત્ત્વનું માર્ગદર્શન આપ્યું. અંતે રૂ. ૩૦૦ -૩૦૦ ની પ્રભાવના થઈ ! આ ૯૯ મી સાલગિરાનો સંપૂર્ણ લાભ પૂજ્યશ્રીના સંસારી કાકા ભરતભાઈ કાંતિલાલ શાહે લીધો હતો. ધ્વજા ચઢ્યા પછી સંઘસાધર્મિક વાત્સલ્ય થયું.

માગ.સુ.૬ તા. ૧૮-૧૨-૨૩ સોમવારે સવારે પૂજ્યશ્રી આણંદ - આનંદ - મંગલ આરાધનાભવનમાં પધાર્યા. અહીં નાપાડ નિવાસી અને હાલમાં દુબઈમાં રહેતા વીરેશભાઈ મનુભાઈ લલ્લુભાઈની મોક્ષમાળારોપણની ખુશાલીમાં પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી શાંતિજિન પૂજનનો કાર્યક્રમ થયો. વિધિકાર જયેશભાઈ કે. શાહ બોરસદવાળા પધારેલ. જીવદયાની ટીપ સુંદર થઈ હતી.

તા. ૧૯-૨૦- ડિસેમ્બર પૂજ્યશ્રી અહીં જ રોકાયા.પ્રવચનો થયાં. બોરસદના ચાતુર્માસમાં બે - ત્રણ વાર આણંદના ટ્રસ્ટીઓ આણંદ પધારવા - રોકાવા વિનંતિ કરવા આવી ગયા હતા. આણંદમાં પણ વધુ રોકાવાની વિનંતિ કરી હતી. ત્યાંથી તા. ૨૧ મીએ વિદ્યાનગર પધાર્યા. તા. ૨૨ મીએ (માગ.સુ.૧૦) નરસંડાના શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલયની વર્ષગાંઠ હોવાથી અને તેનો લાભ ગુરુભક્ત ભૂપેન્દ્રભાઈ શાંતિલાલ અમદાવાદવાળાએ લીધો હોવાથી તેમના તથા સંઘના આગ્રહથી પૂજ્યશ્રી અહીં પધાર્યા હતા. સામૈયા સાથે પ્રવેશ થયો. શાસ્ત્રીય વિધિ પ્રમાણે ધ્વજારોહણ કરાવ્યું. પૂજ્યશ્રી વિધિવિધાનના માર્મિક જાણકાર છે. વડતાલનું મંડળ સત્તરભેદી પૂજા ભણાવવા માટે આવેલ. પ્રભાવના - સંઘ સાધર્મિક વાત્સલ્ય વગેરે થયેલ.

(ક્રમશઃ) ૫